# આંચલ મે હૈં બુદ્ધ ઔર આંખો મેં ભવાની!

ભારતીય પરંપરામાં રક્ષાબંધનનું પર્વ મહાન ગૌરવવંતુ મનાય છે. પૂર્વનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડે કે નાત-જાતના ભેદ ભૂલીને બહેનોએ આપત્તિકાળમાં ભાઈઓને રાખડી બાંધી અને ભાઈઓએ પણ કાપડારૂપે બે-ચાર ગામ આપીને, કે પોતાનાં લીલુડાં માથાં વધેરાવીને કે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરીને તેનો જવાબ આપ્યો હતો, બહેનોની રક્ષા કરી હતી.

રક્ષાબંધનનું પર્વ એટલે જાણે આર્ય સંસ્કૃતિનો મુગટમણિ! રક્ષાબંધન એટલે જાણે સ્ત્રીશોષણનાં અંધારાં ઉલેચની ખાતરીની ઝળહળતી મશાલ. રક્ષાબંધન એટલે જાણે સંયમ-નિયમનાં લેખાં-જોખાં માંડવાનો વર્ષમાં આવતો એક દિવસ.

વર્ષભર બહેનો પ્રતીક્ષા કરતી જ હોય કે ક્યારે રક્ષાબંધન આવે અને ક્યારે વહાલા ભાઈલાને રાખડી બાંધું! જે બહેનો ભાઈ પાસે રૂબરૂ ન પહોંચી શકે તેમની રાખડી હજારો ગાઉની મુસાફરી કરીને ટપાલ દ્વારા ભાઈ સુધી પહોંચે. ભાઈ એ કવરને ફોડે અને તેમાંથી નીકળતી દોરાની રાખડી, લગરીક કંકુ, બે-ચાર ચોખાના દાણા અને ખાંડ-ગોળની બે કણીઓ જોઈને ગદ્ગદ્ થઈ જાય – ભાવવિભોર બની જાય!

ભાઈના લાંબા થયેલા હાથના કાંડા પર રાખડી બાંધીને બહેન ભાઈ પાસેથી કોલ લઈ લે છે કે ભાઈ, બહેનની રક્ષા કરશે. ભાઈ રાખડી બંધાવીને એ મૂક કોલનો સ્વીકાર કરે છે. આ કોલ – આ વચન, આ સ્વીકૃતિ કેવળ પોતાની બહેન પૂરતાં જ નથી પરંતુ સમગ્ર સ્ત્રી-જાતિ માટે છે. સ્ત્રીજાતિની રક્ષા એટલે સર્વ પ્રકારના સ્ત્રીશોષણનો અભાવ. વિશ્વના તમામ જીવોની ઉત્પત્તિ સ્ત્રી દ્વારા જ છે એટલે સ્ત્રીશોષણનો અભાવ એટલે સર્વ જીવોના શોષણનો અભાવ.

દરેક સ્ત્રી કોઈ ભાઈની બહેન અવશ્ય છે જ. તેથી દરેક ભાઈએ-પુરુષે દરેક બહેનમાં-સ્ત્રીમાં બહેનની ભાવના રાખવી જોઈએ. રામાયણનાં, મહાભારતનાં અને બીજાં અનેક મહાયુદ્ધો, સ્ત્રીમાં બહેનની ભાવના ન રાખવાના કારણે થયેલાં છે તે સૌ જાણે જ છે. તેથી તો સાવધાન કરનારું આ સૂત્ર સમાજમાં બોલાય છે કે જર, જમીન અને જોરુ ત્રણ કજિયાનાં છોરુ! નારીમાં બહેનની ભાવના મટીને જે ઘડીએ જોરુની ભાવના થાય તે જ ઘડીએ સુખ-શાંતિ જાય, મહાયુદ્ધો થાય!

જીવોનું શોષણ અનેક પ્રકારે થઈ શકે છે પરંતુ તેનું મોટામાં મોટું શોષણ તેને વિકારી દષ્ટિએ જોઈએ તે છે. રક્ષાબંધનના દિવસે બહેન પાસે રાખડી બંધાવીને, બહેનના માધ્યમથી વિશ્વની તમામ બહેનોને અભયનો કોલ આપીએ છીએ. તે દિવસે એ મૂક કોલને પુનઃપુનઃ યાદ કરીએ છીએ અને વિકારો ઉપર વિજય પ્રાપ્ત કરવા પુનઃ પુનઃ કમર કસીએ છીએ.

બહેન-માતા તરફથી બંધાયેલા એ રાખડીના દોરામાં ભરેલી ભાવના/આશિષની કિંમત જેવી-તેવી નથી. મનુષ્ય-મગજ આંકી ન શકે તેટલું તેનું મૂલ્ય છે.

ચક્રવ્યૂહના યુદ્ધમાં જતી વખતે અભિમન્યુને કુન્તામાતાએ રાખડી બાંધી હતી. અભિમન્યુ દુશ્મન મહારથીઓથી ઘેરાઈ ગયો, દુશ્મનોનાં હથિયારોથી વીંધાઈને તેનું શરીર ચારણી જેવું થઈ ગયું પણ પ્રાણ ન ગયા. કારણ કે તેના કાંડે માતાએ બાંધેલી રાખડીનો એક તંતુ હજુ ચોંટેલો હતો. એ તંતુની મર્યાદાને શ્રીકૃષ્ણ પણ લોપી ન શક્યા; આખરે ઉંદરનું રૂપ લઈને શ્રીકૃષ્ણ એ તંતુને હટાવે છે ત્યાર પછી જ અભિમન્યુ મૃત્યુ પામે છે. આ રીતે મહાભારતકારે પણ રાખડીની તાકાતને-રક્ષાને બતાવવાનો જબરજસ્ત પ્રયત્ન કર્યો છે.

અન્ય સંસ્કૃતિઓ કરતાં ભારતીય સંસ્કૃતિ વિશેષ શાને કારણે ગણાય છે? ત્યાગ અને બલિદાનને કારણે, સંયમ અને નિયમને કારણે, 'પરસ્ત્રી જેને માત રે' ના કારણે. છળ, બળ કે કળની કે ધનદોલતની પૂજા નથી થતી ભારતમાં, ભારતમાં તો પૂજા થાય છે 'ભા' માં-પ્રકાશમાં 'રત' રહેનારાની, તપ અને ત્યાગમાં મસ્ત થઈ જનારાની, ગૌ, બ્રાહ્મણ અને સ્ત્રીઓ-બહેનોની રક્ષા કાજે માથા ચઢાવી દેનારાઓની અને—

બહેનોની પણ કમ જવાબદારી નથી. ધાગાની રાખડી એ તો એક પ્રતીક માત્ર છે. પુરુષ માત્ર તરફ ભાઈ તરીકેની ભાવના એ જ બહેનોની સાચી રાખડી છે. બહેનોની આંખમાંથી, હાવભાવમાંથી, તેના એકે એક વર્તનમાંથી, તેના એક એક પગલામાંથી એવા સ્રોતોની પવિત્ર ધારાઓ વછૂટતી હોય, એવા ભાવોની સાત્ત્વિક ઝડી વરસતી હોય કે તે, પુરુષમાત્રને ભીંજવીને તેના વિચાર-વિકાર-માલિન્યને ઓગાળી નાખે. મીરાબાઈના શરીરમાંથી નીકળતા પરમ પવિત્ર, સાત્ત્વિક અને નિર્વિકાર ઓજ-વર્તુળ-વલયના સંપર્કમાં આવનાર ઓજયુક્ત થઈ જતું હતું. વિકારની, વિજ્ઞાનની, ભોગવિલાસની તાલીમ તો બહેન-દીકરીઓને ખૂબ આપી; હવે મીરાબાઈ જેવી થવાની, સાચી રાખડી બાંધનાર સાચી બહેન થવાની તાલીમ તેમને કોણ આપશે? ક્યારે આપશે? ક્યાં આપશે?

ગુરુઓ, સંતો, પૂજ્યો, શ્રદ્ધેયો અને સમાજ-પ્રતિનિધિઓની જવાબદારી પણ કપરી છે. તેઓ ઉપરોક્ત તાલીમના પાયાની ઈંટ બની શકે. "અબલા જીવન હાય! તેરી કરુણ કહાની; આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં હૈ પાની" વાળી કરુણ કહાનીને "પ્રબલા જીવન વાહ! તેરી અમર કહાની; આંચલ મેં હૈ બુદ્ધ ઔર આંખો મેં ભવાની!" કરી શકે, જો ગુરુસંતો કમર કસે તો.

રક્ષાબંધન એ એક પ્રકારનું બંધન તો ખરું જ પણ તે પવિત્ર બંધન છે, વિકારોમાંથી મુક્તિ અપાવનારું બંધન છે. આજના પર્વે પરમાત્માને પ્રાર્થના કરીએ કે:

સર્વે ભગિની તણી, ભ્રાતાને આશિષ હજો;
સર્વે ભાઈઓ થકી, બહેનોનું રક્ષણ થજો.